# VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

University Campus, Udhna-Magdalla Road, SURAT – 395 007

# વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ, ઉધના–મગદલ્લા રોડ, સુરત – ૩૯૫ ૦૦૭

**(Accredited B++ equivalent to Five Star status by NAAC)**

✆ : 2227141 to 2227146 ✆ : ૨૨૨૭૧૪૧ થી ૨૨૨૭૧૪૬

**Fax** : (0261) 2227312 **ફેક્સ** : (૦૨૬૧) ૨૨૨૭૩૧૨

**Gram** : VNSGU **તાર** : વીએનએસજીયુ

**E-mail :** sgu@sguernet.in


**ખાનગી** **સિન્ડિકેટની સામાન્ય સભા**

**ફકત સભ્યોની જાણ માટે** **તા. ૧૬–૧૨–૨૦૦૫**

સિન્ડિકેટની સામાન્ય સભા શુક્રવાર, તા. ૧૬–૧૨–૨૦૦૫ના રોજ બપોરે ૨–૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડમાં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

## –: કાર્યવાહી :–

| ક્રમ | | તા. ૧૬–૧૨–૨૦૦૫ |
|---|---|---|
| ૧. | ડો. રમેશચંદ્ર જી. કોઠારી (કુલપતિશ્રી) | હાજર |
| ૨. | શ્રી જયેશ વી. દેશકર (ઉપ–કુલપતિશ્રી) | હાજર |
| ૩. | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૫. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૬. | આચાર્ય ઘનશ્યામ પ્રસાદ છોટુભાઈ સનાઢય | હાજર |
| ૭. | આચાર્ય ર્ડા.વિક્રમ બળવંતરાય દેસાઈ | હાજર |
| ૮. | ડો.કિશોરસિંહ વિજયસિંહ દેસાઈ | હાજર |
| ૯. | – ખાલી – | – |
| ૧૦. | શ્રી હોશંગ જહાંગીરજી મીરઝા | હાજર |
| ૧૧. | શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલા. | હાજર |
| ૧૨. | ડો.મહેન્દ્ર દોલતસિંહ ચૌહાણ | ગેરહાજર |
| ૧૩. | શ્રી નૈષધ ભૂપતભાઈ દેસાઈ. | હાજર |
| ૧૪. | શ્રી દિપક ઈશ્વરલાલ આફ્રિકાવાલા | હાજર |
| ૧૫. | ડો.વિપુલ જમનાદાસ સોમાણી | ગેરહાજર |
| ૧૬. | –ખાલી– | – |
| ૧૭. | શ્રી હર્ષદભાઈ પ્રભુદાસ શાહ | હાજર |
| ૧૮. | શ્રી મયુરભાઈ ચૌહાણ | હાજર |
| ૧૯. | શ્રીમતી સાધના અનિલકુમાર ભંડારી | હાજર |
| ૨૦. | શ્રી દિનેશભાઈ દાસા | હાજર |

1. સિન્ડિકેટ, તા. ૨૬–૧૦–૨૦૦૫ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા. ૨૬–૧૦–૨૦૦૫ની સામાન્ય સભાની કાર્યવાહી નીચે મુજબના સુધારા સાથે મંજૂર કરવી.

**બાબત ક્રમાંક: (૯)**

**પાના નં.: ૫**

* **બિડાણ નં.: (૩) Spacialization નાં પાના નં.: (૩) ૫૨ ...**

**(10) Rural Studies:-**

**Lecturer: 3 position**

| Area of Specialization | Minimum Qualification | Additional Qualification |
|---|---|---|
| 1) Rural Sociology | M.A. Sociology / M.R.S. | Ph.D. in Sociology / **Rural Studies** |
| 2) Agriculture | M.Sc. Agriculture Specialization / Horticulture | Ph.D. in relevant Subject |
| 3) Agriculture | M.Sc. Agriculture Specialization Extension Education | Ph.D. in relevant Subject |

**ને બદલે નીચે મુજબ વંચાણે લેવું.**

| Area of Specialization | Minimum Qualification | Additional Qualification |
|---|---|---|
| 1) Rural Sociology | M.A. Sociology / M.R.S. | Ph.D. in Sociology / Rural Studies |
| 2) Agriculture | M.Sc. Agriculture **(Horticulture)** Specialization / **M.Sc.** Horticulture | Ph.D. in relevant Subject |
| 3) Agriculture | M.Sc. Agriculture Specialization Extension Education | Ph.D. in relevant Subject |

2. સિન્ડિકેટ, તા. ૧૮–૧૧–૨૦૦૫ની તાકીદની સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા. ૧૮–૧૧–૨૦૦૫ની તાકીદની સભાની કાર્યવાહીને મંજૂર કરવામાં આવે છે.

3. સિન્ડિકેટ, તા. ૨૨–૧૧–૨૦૦૫ની તાકીદની સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા. ૨૨–૧૧–૨૦૦૫ની તાકીદની સભાની કાર્યવાહીને મંજૂર કરવામાં આવે છે.

4. યુનિવર્સિટીના ડી.બી.આઈ.એમ. વિભાગ હસ્તક ચાલતા **MBA (Full Time-tourism & Hospitality Management)** પ્રોગ્રામ શરૂ કરવાની મંજૂરી સિન્ડિકેટે તેની તા. ૨૩–૯–૨૦૦૫ની બાબત ક્રમાંકઃ ૭ અને ૨૩થી આપી હતી, જેમાં **Annexture-No.I, Item-iv,** ક્રમાંક નં.: (૩) ના પેટાવિભાગમાં **Category - iv** માં નીચે મુજબની વધારાની બાબત ઉમેરવા અંગે....

**"One Member From the faculty Of Management Studies, other than the Member of DBIM be also included as Member of the Advisory Board who may be nominated by the Hon. Vice-Chancellor and may be included in category No. 3 as sub class (iv)".**

(એમ.બી.એ.)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના ડી.બી.આઈ.એમ. વિભાગ હસ્તક ચાલતા **MBA (Full Time-tourism & Hospitality Management)** પ્રોગ્રામ શરૂ કરવાની મંજૂરી સિન્ડિકેટે તેની તા. ૨૩–૯–૨૦૦૫ની બાબત ક્રમાંકઃ ૭ અને ૨૩થી આપી હતી, જેમાં **Annexture-No.I, Item-iv,** ક્રમાંક નં.: (૩) ના પેટાવિભાગમાં **Category - iv** માં નીચે મુજબના સુધારા પ્રમાણે મંજૂર કરવો.

**"One Member From the faculty Of Management Studies, the Dean, Faculty of Management also included as Member of the Advisory Board who may be nominated by the Hon. Vice-Chancellor and may be included in category No. 3 as sub class (iv)".**

5. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સાથે નિયમોનુસાર માન્યતા / સંલગ્નતા ધરાવતી ન હોઈ, તેવી કોલેજો / સ્ટડી સેન્ટરોની ચર્ચા–વિચારણા કરવા માટે સિન્ડિકેટે, તેની તા. ૯–૬–૨૦૦૫ના રોજ મળેલ સભામાં બાબત ક્રમાંકઃ (૧) થી નિમાયેલ સમિતિની કાર્યવાહી ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સાથે નિયમોનુસાર માન્યતા/ સંલગ્નતા ધરાવતી ન હોઈ, તેવી કોલેજો / સ્ટડી સેન્ટરોની ચર્ચા–વિચારણા કરવા માટે સિન્ડિકેટે, તેની તા. ૯–૬–૨૦૦૫ના રોજ મળેલ સભામાં બાબત ક્રમાંકઃ (૧) થી નિમાયેલ સમિતિની તા. ૯–૮–૦૫ના રોજ મળેલ સભાની ભલામણો પૈકીની ભલામણ ક્રમાંકઃ (૨) અને (૩)નો યથાવત્ સ્વીકાર કરવો તથા ભલામણ ક્રમાંકઃ (૧) અને (૪)માં નીચે મુજબનો સુધારો કરવો.

**ભલામણ ક્રમાંકઃ (૧)**

આ યુનિવર્સિટી સાથે સંલગ્નતા ધરાવતી સ્વનિર્ભર (સેલ્ફ ફાયનાન્સ) તબીબી, ફિઝિયોથેરાપી, બી.એડ્., નર્સિંગ, એન્જિનીયરીંગ, ડી.એમ.એલ.ટી., માઈક્રોબાયોલોજી, ફાર્મસી વગેરે કોલેજો સિવાયની આ યુનિવર્સિટી વિસ્તારમાં ચાલતી અન્ય સંસ્થાઓ કે જેઓ આ યુનિવર્સિટીનું જોડાણ ધરાવતી ન હોય, તેવી સંસ્થાઓ સામે યુનિવર્સિટી કાયદેસરના પગલાં લેશે અને આવી સંસ્થામાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓની જવાબદારી આ યુનિવર્સિટીની રહેશે નહી જેની સૌએ નોંધ લેવી.

**ભલામણ ક્રમાંકઃ (૪)**

વધુમાં જે તે વિસ્તારમાં ચાલતા અન્ય બોગસ યુનિવર્સિટીના સ્ટડી સેન્ટરો/ કોલેજો અંગેની જાણકારી મેળવવા માટે આપણી યુનિવર્સિટીની સંલગ્ન તમામ કોલેજોના આચાર્યો/ ડાયરેકટરોને પરિપત્રિત કરી તેમના વિસ્તારમાં ચાલતા આવા સ્ટડી સેન્ટરો/ કોલેજો કે જે આ યુનિવર્સિટી સાથે માન્યતા ધરાવતી નથી તેની જાણ તાકીદે આ યુનિવર્સિટીને કરે જેથી તેમની સામે કાયદેસરના પગલાં લઈ શકાય.

વધુમાં, નીચે જણાવેલ સંસ્થાઓ કે જેઓ, યુનિવર્સિટીનાં નિયમ વિરૂધ્ધ ગેરકાયદેસર રીતે અભ્યાસક્રમો ચલાવે છે, તેઓને તાત્કાલિક ધોરણે તેમનાં અભ્યાસક્રમો બંધ કરવાં જણાવવું અને તેની જાણ રાજય સરકાર અને પોલીસ કમીશ્નર ઓફીસને પણ કરવી.

(૧) શ્રીનાથ ઈન્સ્ટિટયૂટ ઓફ એલાઈડ મેડીકલ એજયુકેશન રીસર્ચ, ઉધના, સુરત.
(૨) ગાયત્રી કોલેજ ફોર આઈ.ટી. એન્ડ મેનેજમેન્ટ, રાંદેર રોડ, સુરત.
(૩) સ્વામી નારાયણ એચ. વી. વિદ્યાલય કોલેજ ઓફ ફિઝિયોથેરાપી, રાંદેર રોડ, સુરત.
(૪) સરદાર પટેલ કોલેજ ઓફ એન્જિનીયરીંગ, ઉધના, સુરત.
(૫) આઈ.સી.એફ.એ.આઈ., ભટાર રોડ, સુરત.

6. સિક્કિમ – મણીપાલ યુનિવર્સિટી ઓફ હેલ્થ, મેડિકલ એન્ડ ટેકનોલોજી સાયન્સીસ, ગંગટોક, સિક્કિમના એડિશનલ રજીસ્ટ્રારશ્રીએ તેમના તા. ૨૩–૮–૨૦૦૫ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સિક્કિમ – મણીપાલ યુનિવર્સિટી ઓફ હેલ્થ, મેડિકલ એન્ડ ટેકનોલોજી સાયન્સીસ, ગંગટોક, સિક્કિમના એડિશનલ રજીસ્ટ્રારશ્રીના પ્રસ્તુત પત્રની નોંધ લેવી અને પ્રસ્તુત યુનિવર્સિટીના એકટ અને રૂલ્સ રેગ્યુલેશન તથા બધા જ સ્ટેટ્યૂટરી પ્રોગ્રામો મંગાવવા અને ત્યારબાદ નિયમોનુસાર કાર્યવાહી કરવી.

7. યુનિવર્સિટી કેમેસ્ટ્રી વિભાગમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે લેબોરેટરી તથા સંશોધન કાર્ય અંગે ૨૦૦૫–૨૦૦૬ વર્ષ દરમ્યાન જરૂરિયાતના કેમિકલ્સ ગ્લાસવેર્સ, એપરેટર્સ રિસર્ચ કેમિકલ્સ તથા સાધનો વિગેરે રેટ કોન્ટ્રાકટથી ખરીદવા અંગે મળેલ રેટ કોન્ટ્રાકટ ઓફર ઉપર અને તે મુજબ આગળના એક વર્ષ ડિસેમ્બર ૨૦૦૬ સુધી રેટ કોન્ટ્રાકટ મંજૂર કરવા માટે વિચારણા કરવા બાબત.

નાણાં સમિતિ સભા તારીખ ૧૪–૯–૨૦૦૫ના ઠરાવ નં. (૨) અન્વયે મંજૂર કરી તે રેટ કોન્ટ્રકટ તે મુજબ આગળના એક વર્ષ ડિસેમ્બર ૨૦૦૬ સુધી મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, નાણાં સમિતિ સભા તારીખ ૧૪–૯–૨૦૦૫ના ઠરાવ નં. (૨) સંદર્ભમાં સિન્ડિકેટે અગાઉ ઠરાવ્યા મુજબ હેડ ઓફ ડિપાર્ટમેન્ટ અને વિભાગના ત્રણ સિનિયર મોસ્ટ શિક્ષકોની કમિટી દ્વારા કાર્યવાહી કરી મોકલવાં વિભાગનાં વડાને જણાવવું.

8. યુનિવર્સિટી તરફથી લેવાતી વિવિધ પરીક્ષાઓમાં ગેરરીતિ આચરતા જણાયેલા વિદ્યાર્થીઓના કિસ્સાઓ તેમજ પુનઃ મુલ્યાંકન માટે અરજી કરનાર વિદ્યાર્થીઓ પૈકી પરિણામ સુધરવાને કારણે યુનિવર્સિટી તરફથી મોડા જાહેર થતા પરિણામોના કિસ્સાઓ ઉપરાંત અન્ય કારણસર જે વિદ્યાર્થીઓનાં પરીક્ષાના પરિણામો યુનિવર્સિટી તરફથી મોડાં જાહેર થતા હોય તેવા કિસ્સાઓમાં જરૂર પડયે વિદ્યાર્થીઓની પ્રથમ સત્રની ફી વસૂલ કરી તેઓને દ્વિતીય સત્રમાં પ્રવેશ આપવા અંગેના સિન્ડિકેટના તા. ૪–૧૨–૧૯૯૧ ની સભાનાં ઠરાવ (ક્રમાંકઃ ૩૫)ના સંદર્ભમાં પ્રવેશ સબંધિત નીચેના મુદ્દાઓ અંગે વિચારણા કરવા બાબત.

(૧) પ્રવેશ આપવા અંગેની ઉપરોક્ત જોગવાઈની મુદત (સમય મર્યાદા) નકકી કરવા અંગે.
(૨) પ્રવેશ આપવા અંગેની ઉપરોક્ત જોગવાઈ કઈ કઈ ફેકલ્ટીમાં લાગુ પાડવી તે નકકી કરવા અંગે
(૩) પ્રવેશ આપવા અંગેની ઉપરોક્ત જોગવાઈ સેમેસ્ટર સીસ્ટમમાં લાગુ પાડી શકાય કે કેમ? તે નકકી કરવા અંગે.

**(નોંધઃ**– ઓ. ૬૦ ની નીચેની જોગવાઈ અવલોકનમાં લેવી ,ઘટે.**)**

A student whose attendance is falling short by 40% of minimum required attendance in the First Term of the academic year shall be required to attend classes in the second term so that the total attendance of the second term shall be 90% of the total working days of the second term. However this will not apply to those faculties where semester systems is in operation. (ઓ. ૬૦ નો સંપૂર્ણ પાઠ આ સાથે બિડેલ છે.)

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી તરફથી લેવાતી વિવિધ પરીક્ષાઓમાં ગેરરીતિ આચરતા જણાયેલા વિદ્યાર્થીઓના કિસ્સાઓ તેમજ પુનઃ મુલ્યાંકન માટે અરજી કરનાર વિદ્યાર્થીઓ પૈકી પરિણામ સુધરવાને કારણે યુનિવર્સિટી તરફથી મોડા જાહેર થતા પરિણામોના કિસ્સાઓ ઉપરાંત અન્ય કારણસર જે વિદ્યાર્થીઓનાં પરીક્ષાના પરિણામો યુનિવર્સિટી તરફથી મોડાં જાહેર થતા હોય તેવા કિસ્સાઓમાં જરૂર પડયે વિદ્યાર્થીઓની પ્રથમ સત્રની ફી વસૂલ કરી તેઓને દ્વિતીય સત્રમાં પ્રવેશ આપવા અંગેના સિન્ડિકેટના તા. ૪–૧૨–૧૯૯૧ ની સભાનાં ઠરાવ (ક્રમાંકઃ ૩૫)ના સંદર્ભમાં પ્રવેશ સબંધિત ઉપરોક્ત મુદ્દાઓ અંગે ઓર્ડિનન્સ – ૬૦ને લક્ષમાં લઈ વિચારણા કરવા નીચે મુજબની કમિટીની રચના કરવી અને ત્યાં સુધી અગાઉથી ચાલતી પ્રણાલીકા પ્રમાણે કાર્યવાહી કરવી.

(૧) ડીનશ્રી, આર્ટસ ફેકલ્ટી, (૨) ડીનશ્રી, કોમર્સ ફેકલ્ટી,
(૩) ડીનશ્રી, સાયન્સ ફેકલ્ટી, (૪) ડીનશ્રી, લૉ ફેકલ્ટી

9. યુનિવર્સિટી દ્વારા આપવામાં આવતી માર્કશીટો, ડિગ્રી સર્ટિફિકેટોમાં સુધારા વધારો કરવા માટે મા. કુલપતિશ્રીએ એક સમિતિની રચના કરી હતી, પ્રસ્તુત સમિતિએ તેની તા. ૩૦–૭–૨૦૦૪ની સભામાં કરલ ભલામણો મા. કુલપતિશ્રીએ મંજૂર કરી હતી. કુ. પટેલ ચેતના જયંતિલાલની ફર્સ્ટ એલએલ.બી. મે – ૧૯૯૯, સેકન્ડ એલએલ.બી. મે – ૨૦૦૦, થર્ડ એલએલ.બી. મે – ૨૦૦૧ તેમજ એલએલ.એમ. પાર્ટ : ૧ જુનઃ ૨૦૦૪ની પરીક્ષાઓની માર્કશીટોમાં નામમાં સુધારો કરવા અંગે વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી દ્વારા આપવામાં આવતી માર્કશીટો, ડિગ્રી સર્ટિફિકેટોમાં સુધારા વધારો કરવા માટે મા. કુલપતિશ્રીએ નિમેલ સમિતિની ભલામણો મા. કુલપતિશ્રીએ મંજૂર કરી હોઈ, કુ. પટેલ ચેતના જયંતિલાલની ફર્સ્ટ એલએલ.બી. મે – ૧૯૯૯, સેકન્ડ એલએલ.બી. મે – ૨૦૦૦, થર્ડ એલએલ.બી. મે – ૨૦૦૧ તેમજ એલએલ.એમ. પાર્ટ : ૧ જુનઃ ૨૦૦૪ની પરીક્ષાઓની માર્કશીટોમાં નામમાં સુધારો કરવા અંગે હાલની નિર્ધારીત ફીના ધોરણથી ડબલ ફી લઈ યોગ્ય કાર્યવાહી કરવી.

10. સ્વ–નિર્ભર કોલેજોમાં જુદા જુદા અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓ પ્રવેશ રદ કરાવે ત્યારે તેમને ફી પરત કરવા બાબતમાં સાર્વજનિક એજયુકેશન સોસાયટીના મંત્રીશ્રીના તા. ૨૧–૭–૨૦૦૫ના પત્રક્રમાંકઃ ૭૫૫/ ૨૦૦૫–૦૬ પર વિચારણા કરવા બાબત.

(શૈક્ષણિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સાર્વજનિક એજયુકેશન સોસાયટીના મંત્રીશ્રીના તા. ૨૧–૭–૨૦૦૫ના પત્ર ક્રમાંકઃ ૭૫૫/ ૨૦૦૫–૦૬ની બાબતોનો હાલ સ્વીકાર કરવો નહી.

11. યુનિવર્સિટીના Comparative Literature ના અનુસ્નાતક વિભાગમાં વ્યાખ્યાતા તરીકે ફરજ બજાવતા Dr. Damyantiben Parmar ને UGC GL Career Advancement Scheme હેઠળ રીડર તરીકે નામાભિધાન (Designation) આપવા અંગે પસંદગી સમિતિની તા. ૧૫–૨–૨૦૦૪ની ભલામણને આધારે સિન્ડિકેટ તા.૧૯–૨–૨૦૦૪ની સભાના ઠરાવ ક્રમાંક ૩૯ અન્વયે ડૉ. દમયંતિ પરમારને રીડર તરીકે નામાભિધાન જયારે એલીજીબલ થાય તે તારીખથી પ્રમોશન માટે અસરકારક (Effective) ગણી આપવા અંગે કરેલ ઠરાવ સંદર્ભમાં તેણીને કઈ તારીખથી Designated કરવા તે અંગે વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના Comparative Literature ના અનુસ્નાતક વિભાગમાં વ્યાખ્યાતા તરીકે ફરજ બજાવતા Dr. Damyantiben Parmar ને UGC GL Career Advancement Scheme હેઠળ રીડર તરીકે નામાભિધાન (Designation) આપવા અંગે પસંદગી સમિતિની તા. ૧૫–૨–૨૦૦૪ની ભલામણને આધારે સિન્ડિકેટ તા.૧૯–૨–૨૦૦૪ની સભાના ઠરાવ ક્રમાંક ૩૯ અન્વયે ડૉ. દમયંતિ પરમારને રીડર તરીકે નામાભિધાન જયારે એલીજીબલ થાય તે તારીખથી પ્રમોશન માટે અસરકારક (Effective) ગણી આપવા અંગે કરેલ ઠરાવ સંદર્ભમાં એક વર્ષ પછી તેણીનું કોન્ટ્રીબ્યુશન જોઈને તેમને Designated

કરવા અંગેની સત્તા મા. કુલપતિશ્રીને આપવી.

12. સુરતની પાસે આવેલ હજીરા ઔદ્યોગિક બેલ્ટમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રી, ક્રિભકો ફર્ટીલાઈઝર, એન.ટી.પી.સી., ઓ.એન.જી.સી. ગેઈલ, એલ એન્ડ ટી, આઈ.ઓ.સી., એસ્સાર વિગેરે કાર્યરત છે. આ જાહેર અને ખાનગી ઔદ્યોગિક એકમો પાછળ પચાસ હજાર કરોડથી પણ વધુ મુડી રોકાણ થયેલ છે. આ સંસ્થાઓ આંતરરાષ્ટ્રીય બજારમાં ભારત માટે અત્યંત આગવું સ્થાન ધરાવે છે. આ સંસ્થાઓમાં કામ કરતા હજારો કર્મચારીઓના હિતમાં તેમજ યુનિવર્સિટી ઉદ્યોગ સાથે શૈક્ષણિક તથા સંશોધન ક્ષેત્રે યોગ્ય સંકલન કરી રાષ્ટ્ર નિર્માણમાં ઉચ્ચ શિક્ષણની પ્રસ્તુતા પ્રસ્થાપિત કરે એની 'વૈશ્વિકરણ' અને 'ગાટસ'ના કરારોના સંદર્ભમાં તાતી જરૂરીયાત સર્જાઈ રહેલ છે. ઉપરોકત પરિસ્થિતિના સંદર્ભમાં નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ પર્સનલ મેનેજમેન્ટની તા. ૧૨–૦૭–૨૦૦૪ના પ્રસ્તુત પત્રના સંદર્ભમાં હજીરા ખાતે વિવિધ ઔદ્યોગિક સંસ્થાઓમાં કામ કરતા કર્મચારીઓ, અધિકારીઓના હિતમાં મેનેજમેન્ટ એજ્યુકેશન તેમજ **Human Resource Development** અન્ય પાઠયક્રમો શરૂ કરવા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતનું હજીરા ખાતે કેન્દ્ર સ્થાપવાના મુદ્દા અંગે બી.યુ.ટી.ની તા. ૯–૨–૨૦૦૫ની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**<u>બી.યુ.ટી.ની તા. ૯–૨–૨૦૦૫ની ભલામણ (ઠરાવ નં.: ૧૫)</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીની હજીરા ઔદ્યોગિક બેલ્ટના ઉદ્યોગો સાથે શૈક્ષણિક તથા સંશોધનક્ષેત્રે યોગ્ય સંકલન કરી રાષ્ટ્ર નિર્માણમાં ઉચ્ચ શિક્ષણની પ્રસ્તુતા પ્રસ્થાપિત કરવાના હેતુસર, નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ પર્સનલ મેનેજમેન્ટ (હજીરા–સુરત ચેપ્ટર)ની ઉપરોકત દરખાસ્ત મુજબ **MHRD** તથા **MBA** તથા અન્ય અભ્યાસક્રમો યુનિવર્સિટીના સંબંધકર્તા વિભાગીય વડાઓની સીધી દેખરેખ/ સંચાલન હેઠળ કરવા માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતનું હજીરા ખાતે અભ્યાસકેન્દ્ર **(Extension Study Centre)** શરૂ કરવા જરૂરી વહીવટી મંજૂરી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, બી.યુ.ટી.ની તા. ૯–૨–૨૦૦૫ના રોજ મળેલ સભાની ભલામણ સ્વીકારવી નહી.

13. યુનિવર્સિટીના સ્ટેટયૂટ – ૨૯૪ મુજબ કોલેજ ડેવલેપમેન્ટ કાઉન્સીલની સભાનાં સભ્યોની રચના તા. ૪–૩–૨૦૦૩ થી ૩–૩–૨૦૦૬ સમયગાળા માટે થયેલી છે. અગાઉનાં કેટલાંક સભ્યો વય–મર્યાદા પૂર્ણ થવાને લીધે નિવૃત્ત થયા હોવાથી, તેમની ખાલી પડેલી જગ્યાએ નવા સભ્યોની સદરહું સમિતિનાં સભ્યો તરીકે નિયુકિત કરવા અંગે વિચારણા કરવા બાબત.

(યુ.જી.સી.)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના સ્ટેટયૂટ – ૨૯૪ મુજબ કોલેજ ડેવલેપમેન્ટ કાઉન્સીલની સભાનાં સભ્યોની રચના તા. ૪–૩–૨૦૦૩ થી ૩–૩–૨૦૦૬ સમયગાળા માટે થયેલી છે. અગાઉનાં કેટલાંક સભ્યો વય–મર્યાદા પૂર્ણ થવાને લીધે નિવૃત્ત થયા હોવાથી, તેમની ખાલી પડેલી જગ્યાએ નીચેના સભ્યોની સદરહું સમિતિનાં સભ્યો તરીકે નિમણૂંક કરવી.

(૧) ડૉ. એસ.બી. દરજીની જગ્યાએ – આ. ડૉ. નાનુભાઈ ડી. પટેલ<br>શ્રી રંગશિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા.

(૨) ડૉ. એ.એસ. ચારણની જગ્યાએ – ડૉ. બી.વી. આચાર્ય<br>ડિપાર્ટમેન્ટ ઓફ ઈકોનોમિકસ,<br>વી.ન.દ.ગુ.યુનિ., સુરત.

(૩) ડૉ. પી.કે. પટેલની જગ્યાએ – ડૉ. આર. ડી. પટેલ<br>ગવર્નમેન્ટ મેડીકલ કોલેજ, સુરત.

14. ઉપસચિવશ્રી, ગુજરાત રાજય, શિક્ષણ વિભાગ, ગાંધીનગરનાં તા. ૨૫–૮–૦૫નાં ઠરાવ ક્રમાંકઃ એનજીસી–૧૧૦૪– ૧૬૫૭– ખ માં દર્શાવ્યાનુસાર રાજયની બિન–સરકારી અનુદાનપાત્ર કોલેજોમાં અધ્યાપકોની ખાલી જગ્યાઓને "અધ્યાપક સહાયક" તેવું નામ આપી ભરવા બાબતે પુખ્ત વિચાર કરીને જરૂરી વિવિધ નીતિ–નિયમો તૈયાર કરીને સંબંધકર્તા તમામ સંસ્થાઓને પાઠવેલ છે. જેની નોંધ લેવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપસચિવશ્રી, ગુજરાત રાજય, શિક્ષણ વિભાગ, ગાંધીનગરના તા. ૨૫–૮–૦૫નાં ઠરાવ ક્રમાંકઃ એનજીસી–૧૧૦૪–૧૬૫૭–ખ ની નોંધ લેવી.

15. શ્રીમતી આર.પી. ચૌહાણ આર્ટસ એન્ડ શ્રી કે.ડી. શાહ કોમર્સ કોલેજ અને કે.આર.પી દરજી ઈન્ડોઅમેરીકન ઈન્સ્ટિટયૂટ ઓફ કોમ્પ્યુટર સાયન્સ, વ્યારામાં બી.સી.એ. સ્વનિર્ભર અભ્યાસક્રમના શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૩–૨૦૦૪ના જોડાણ સંદર્ભે નિયુકત ચકાસણી સમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ ચકાસણી સમિતિના અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, શ્રીમતી આર.પી. ચૌહાણ આર્ટસ એન્ડ શ્રી કે.ડી. શાહ કોમર્સ કોલેજ અને કે.આર.પી દરજી ઈન્ડોઅમેરીકન ઈન્સ્ટિટયૂટ ઓફ કોમ્પ્યુટર સાયન્સ, વ્યારામાં બી.સી.એ. સ્વનિર્ભર અભ્યાસક્રમના શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૩–૨૦૦૪ના જોડાણ સંદર્ભે નિયુકત ચકાસણી સમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ ચકાસણી સમિતિના અહેવાલ મંજૂર કરવો અને વર્ષ વીતી ગયુ હોઈ, શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૩–૨૦૦૪ના વર્ષ માટે જોડાણ આપવા રાજય સરકારને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવમાં આવે છે કે, ૨૦૦૬–૨૦૦૭ના જોડાણ માટેની સ્થાનિક તપાસસમિતિ જાય ત્યારે ગત વર્ષની ક્ષતિપૂર્તિઓ તપાસવાનું જણાવવું.

16. પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓના દર વર્ષ આશરે ૩૦,૦૦૦ થી વધારે ધોરણ ૧૨ની માર્કશીટ સાથે એનરોલમેન્ટ ફોર્મ યુનિવર્સિટીમાં આવતા હોય છે હાલમાં ૨૦૦૨–૦૩, ૨૦૦૩–૦૪ અને ૨૦૦૪–૦૫ એમ ત્રણ વર્ષના જુના એનરોલમેન્ટ ફોર્મ રાખેલ છે. પ્રસ્તુત એનરોલમેન્ટનો રેકોર્ડ કેટલા વર્ષ સુધી રાખવો તે અંગે નીતિ વિષયક નિર્ણય લેવા અંગે વિચારણા કરવા બાબત.

(શૈક્ષણિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓના દર વર્ષ આશરે ૩૦,૦૦૦ થી વધારે ધોરણ ૧૨ની માર્કશીટ સાથે એનરોલમેન્ટ ફોર્મ યુનિવર્સિટીમાં આવતા હોય છે હાલમાં ૨૦૦૨–૦૩, ૨૦૦૩–૦૪ અને ૨૦૦૪–૦૫ એમ ત્રણ વર્ષના જુના એનરોલમેન્ટ ફોર્મનો તથા ત્યારબાદના વર્ષોનો રેકોર્ડ પાંચ વર્ષ માટે સાચવવા તથા તેને કોમ્પ્યુટરાઈઝડ પણ કરી રાખવાં.

17. યુનિવર્સિટીના બજેટમાં " સેન્ટર ફોર ટ્રાયબલ સ્ટડીઝ " ની જોગવાઈ અંગે રાજય કે કેન્દ્ર સરકાર દ્વારા કોઈ મંજૂરી ન મળતાં સને ૧૯૯૧–૯૨ થી ૨૦૦૫–૦૬ સુધીના વાર્ષિક અંદાજપત્રમાં ફકત તેનો સમાવેશ જ કરવામાં આવેલ છે. જે જોગવાઈને બજેટમાંથી રદ કરવા વિચારણા કરવા બાબત.

(હિસાબી )

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના બજેટમાં " સેન્ટર ફોર ટ્રાયબલ સ્ટડીઝ " ની જોગવાઈ અંગે રાજય કે કેન્દ્ર સરકાર દ્વારા કોઈ મંજૂરી ન મળતાં સને ૧૯૯૧–૯૨ થી ૨૦૦૫–૦૬ સુધીના વાર્ષિક અંદાજપત્રમાં ફકત તેનો સમાવેશ જ કરવામાં આવેલ છે. જે જોગવાઈને બજેટમાંથી રદ કરવું.

18. પરીક્ષા આચાર સમિતિની તા. ૨૬–૯–૨૦૦૫ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિની તા. ૨૬–૯–૨૦૦૫ની સભાની કાર્યવાહીની પરિશિષ્ટમાં આપ્યા મુજબની બાબત ક્રમાંકઃ (૩) સિવાયની નોંધ તથા ભલામણો યથાવત મંજૂર કરવી તથા બાબત ક્રમાંકઃ (૩)માં ક્રમ નં. (૨)માં દર્શાવેલ વિદ્યાર્થી બેઠક ક્રમાંકઃ ૪૩૪૯ (ટી.વાય.બી.એ.)ને ગેરરીતિ આચરવા બદલ કરવામાં આવતી "એ" વિભાગની સજા કરવામાં આવે છે અને પૂરો દંડ રૂા. ૨૫૦/– કરવામાં આવે છે. એ સંજોગોમાં એપ્રિલ/ મે/ જૂન – ૨૦૦૫માં લેવાયેલ તેમની ઉપર જણાવેલ જે તે પરીક્ષાનું પરિણામ રદ કરવા તેમજ આ વિદ્યાર્થીને શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૫–૨૦૦૬ના પ્રથમસત્રના અંત સુધી લેવામાં આવતી યુનિવર્સિટીની કોઈપણ પરીક્ષામાં બેસવા નહી દેવા તેમજ યુનિવર્સિટી સાથે સંલગ્ન કોલેજ કે માન્ય સંસ્થામાં સત્રો રાખવા નહિ દેવા અને આ વિદ્યાર્થી ઉપરોકત દંડની રકમ ન ભરે તો વધારાની એક સત્રની સજા અર્થાત ૨૦૦૫–૨૦૦૬ના શૈક્ષણિક વર્ષના અંત સુધી કરવી.

**(પરિશિષ્ટઃ ક)**

19. પરીક્ષા આચાર સમિતિની તા. ૭–૧૦–૨૦૦૫ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિની તા. ૭–૧૦–૨૦૦૫ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પરિશિષ્ટમાં આપ્યા મુજબ મંજૂરી કરવી.

**(પરિશિષ્ટઃ ખ)**

20. અનુસ્નાતક કેન્દ્રના ભાગ–૧માં પ્રવેશ મેળવી નિયત પરીક્ષા પાસ કરનાર/ નિયમાનુસાર અનુસ્નાતક ભાગ ૨ માં પ્રવેશ પાત્રતા ધરાવતા હોય તેવા ભાગ–૨માં કેન્દ્ર બદલી (ટ્રાન્સફર) કરાવવા ઈચ્છતા વિદ્યાર્થીઓને કેન્દ્ર બદલી આપવા સંદર્ભમાં હાલમાં નિયમો ન હોય તે જોતા જો અનુસ્નાતક કેન્દ્રના ભાગ–૧માં અભ્યાસ કરતા કુલ વિદ્યાર્થીઓની નિયત સંખ્યા (ઈન્ટેક)થી અનુસ્નાતક ભાગ–૨માં સંખ્યા ઓછી હોય તો તેવા પ્રવેશની ખાલી બેઠકો પર કેન્દ્ર બદલી આપવી કે કેમ ? તે પર વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, વિવિધ વિષયોનાં ગ્રાન્ટેડ પીજી સેન્ટરોમાં અનુસ્નાતક ભાગ–૨ની ખાલી પડેલ બેઠક પર અનુસ્નાતક ભાગ–૧ની પરીક્ષામાં મેળવેલ માર્કસને ધ્યાનમાં રાખી ખાલી જગ્યાઓ ઉપર મેરીટ ટુ મેરીટ અને કેટેગરી ટુ કેટેગરીના આધારે પ્રવેશ ઈચ્છુક વિદ્યાર્થીઓની અરજી મંગાવી મેરીટનાં આધારે જ કેન્દ્ર બદલી આપવાનું રાખવું અને અન્ય કોઈ પધ્ધતિથી હવે પછી સેન્ટર બદલી કરવી નહી તથા તેનો પીજી રૂલમાં સમાવેશ કરવો.

21. યુનિવર્સિટીમાં તા.૩૦–૮–૨૦૦૫ થી નાયબ કુલસચિવ તરીકે સેવામાં જોડાયેલ શ્રી દિનેશકુમાર પોપટલાલ પટેલના તા. ૨૧–૯–૨૦૦૫ના પત્રથી નાયબ કુલસચિવના પગાર ધોરણમાં રૂા.૧૦,૦૦૦/–ના પાયાના પગારને બદલે રૂા.૧૦,૬૫૦/– નો પાયાનો પગાર રક્ષિત કરવા કરેલ વિનંતી અંગે વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીમાં તા.૩૦–૮–૨૦૦૫ થી નાયબ કુલસચિવ તરીકે સેવામાં જોડાયેલ શ્રી દિનેશકુમાર પોપટલાલ પટેલના તા. ૨૧–૯–૨૦૦૫ના પત્રથી નાયબ કુલસચિવના પગાર ધોરણમાં રૂા.૧૦,૦૦૦/–ના પાયાના પગારને બદલે રૂા.૧૦,૬૫૦/– નો પાયાનો પગાર રક્ષિત કરવા કરેલ વિનંતી ગ્રાહ્ય રાખવી નહીં.

22. યુનિવર્સિટીના સાયન્સ બિલ્ડીગમાં હાલ ફરજ મોકૂફી હેઠળ પટાવાળા તરીકે ફરજ બજાવતાં શ્રી દિપક વાઘેલાના કિસ્સામાં નિમવામાં આવેલ ઈન્કવાયરી કમિટિએ તેઓનો રિપાર્ટ કાર્યાલયને રજૂ કરેલ છે. આ મળેલ રિપોર્ટ પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત વિચારણમાંથી પરત ખેંચવી.

23. સિગ્મા ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી એન્ડ એન્જિનીયરીગ, વડોદરા દ્વારા વડોદરા મુકામે શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૫–૨૦૦૬થી સ્વનિર્ભર અભ્યાસક્રમ ડેન્ટલ, એમ.બી.એ. અને બી.કોમ.માં ઈન્ટરનેશનલ બિઝનેસ, બેકિંગ એન્ડ ઈન્સ્યુરન્સ અને માર્કેટીગની જોડાણઅરજીનાં સંદર્ભમાં, સિન્ડિકેટે, તેની બેઠકમાં યુનિવર્સિટી હદ બહારની કોલેજોને એફીલીયેશન નહી આપવા બાબતનો જે ઠરાવ થયેલ છે, તેને ધ્યાનમાં રાખીને ભરેલ અરજી ફીની રકમ કોઈપણ કપાત કર્યા વગર પૂરેપૂરી રકમ પરત કરવા અંગેનાં પ્રસ્તુત ટ્રસ્ટનાં ટ્રસ્ટીશ્રીનાં તા. ૧૨–૮–૨૦૦૫નાં પત્રાંકઃ એસઆઈટીઈ/ એજીયુ/ ૨૦૦૫–૦૬/ રીફંડ ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સિગ્મા ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી એન્ડ એન્જિનીયરીગ, વડોદરા દ્વારા વડોદરા મુકામે શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૫–૨૦૦૬થી સ્વનિર્ભર અભ્યાસક્રમ ડેન્ટલ, એમ.બી.એ. અને બી.કોમ.માં ઈન્ટરનેશનલ બિઝનેસ, બેકિંગ એન્ડ ઈન્સ્યુરન્સ અને માર્કેટીગની જોડાણઅરજીનાં સંદર્ભમાં, સિન્ડિકેટે, તેની બેઠકમાં યુનિવર્સિટી હદ બહારની કોલેજોને એફીલીયેશન નહી આપવા બાબતનો જે ઠરાવ થયેલ છે, તેને ધ્યાનમાં રાખીને ભરેલ અરજી ફીની રકમ કોઈપણ કપાત કર્યા વગર પૂરેપૂરી રકમ પરત કરવા અંગેનાં પ્રસ્તુત ટ્રસ્ટનાં ટ્રસ્ટીશ્રીનાં તા. ૧૨–૮–૨૦૦૫નાં પત્રાંકઃ એસઆઈટીઈ/ એજીયુ/ ૨૦૦૫–૦૬/ રીફંડનો સ્વીકાર કરવો અને તેમણે ભરેલ એફીલીયેશન ફી પરત કરવાનું રાખવું.

24. સને ૨૦૦૫–૨૦૦૬ નાં શૈક્ષણિક વર્ષ માટે અનુસ્નાતક વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અને શિક્ષણ લવાજમ સહાય એનાયત કરવા અંગેની સમિતિની પુર્નરચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

(૧) ડો. કિરણ પંડયા. (૨) ડો. પી.કે. હિરાધર. (૩) ડો. અપૂર્વ એ. દેસાઈ.
(૪) આ. જે. એમ. નાયક (૫) ડો. યુ.ટી. દેસાઈ (૬) ડો. પી.એચ. ભાઠાવાલા
(૭) આ.ડો. જી.જે. પરમાર. (૮) ડો.એ.એસ. અબાણી.

(અનુસ્નાતક )

:: આથી ઠરાવવામાં આવે છે કે, સને ૨૦૦૫–૨૦૦૬ નાં શૈક્ષણિક વર્ષ માટે અનુસ્નાતક વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અને શિક્ષણ લવાજમ સહાય એનાયત કરવા અંગેની નીચેના સભ્યોની બનેલ સમિતિની રચના કરવી.

(૧) ડૉ. કિરણ પંડયા. (૨) ડૉ. પી.કે. હિરાધર. (૩) ડૉ. અપૂર્વ એ. દેસાઈ.
(૪) આ. જે. એમ. નાયક (૫) ડૉ. યુ.ટી. દેસાઈ (૬) ડૉ. પી.એચ. ભાઠાવાલા
(૭) આ.શ્રી ઈશ્વરભાઈ એમ. પટેલ (૮) ડૉ. એ.એસ. અબાણી. (૯) આ.ડૉ. કે.આર. કાપડીયા

25. સને ૨૦૦૫–૨૦૦૬ નાં શૈક્ષણિક વર્ષ માટે પીએચ.ડી અને એમ.ફીલ. પદવી માટે નોંધાયેલા વિદ્યાર્થીઓને યુનિવર્સિટી સંશોધન શિષ્યવૃત્તિ એનાયત કરવા અંગેની સમિતિની પુર્નરચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

(૧) ડો. બી. વી. આચાર્ય. (૨) ડો. શશીકાંત શાહ (૩) ડો. વિક્રમ બી. દેસાઈ.
(૪) ડો. કે.સી. પટેલ. (૫) ડો. વિપુલ સોમાણી. (૬) ડો. સગુના પાથી.

(અનુસ્નાતક )

:: આથી ઠરાવવામાં આવે છે કે, સને ૨૦૦૫–૨૦૦૬ નાં શૈક્ષણિક વર્ષ માટે પીએચ.ડી અને એમ.ફીલ. પદવી માટે નોંધાયેલા વિદ્યાર્થીઓને યુનિવર્સિટી સંશોધન શિષ્યવૃત્તિ એનાયત કરવા અંગે નીચેના સભ્યોની બનેલ સમિતિની રચના કરવી.

(૧) ડૉ. બી. વી. આચાર્ય. (૨) ડૉ. શશીકાંત શાહ (૩) ડૉ. વિક્રમ બી. દેસાઈ.
(૪) ડૉ. કે.સી. પટેલ. (૫) ડૉ. વિપુલ સોમાણી. (૬) ડૉ. સગુના પાથી.
(૭) પ્રા. ઈશ્વરભાઈ એમ. પટેલ (ફીઝીકસ)

26. માસ્ટર ઓફ બીઝનેસ ઈકોનોમીકસ અભ્યાસક્રમની ૪૦ (ચાળીસ) બેઠકોનું ફીનું માળખુ એક સમાન રાખવા તેમજ યુનિવર્સિટીએ મંજૂર કરેલ વધારાની ૨ (બે) બેઠકો સ્પેશયલ હાયર ફી ( બેઠક દીઠ રૂા. ૫૮૮૦૦/–) મુજબ ચાલુ રાખવા સંદર્ભના ઈકોનોમિકસ વિભાગના વડાશ્રીના તા. ૮/૧૦/૨૦૦૫ના પત્ર ક્રમાંકઃ ૪૭૩૫ પર વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ફીનાં માળખાં અંગે વિભાગનાં વડાશ્રીને સ્વનિર્ભર અંગેના ધારાધોરણોને ધ્યાને રાખી પુનઃ વિચારણા કરી ફરી મોકલવાં જણાવવું.

27. સ્ટાફ અંગેની સ્થાયી સમિતિ તા. ૨૭–૫–૨૦૦૫ના રોજ મળેલ સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સ્થાયી અંગેની સ્થાયી સમિતિની તા. ૨૭–૫–૨૦૦૫ના રોજ મળેલ સભાની ભલામણો યથાવત્ મંજૂર કરવી અને તદ્નુસારની આગળની કાર્યવાહી હાથ ધરવી.

**(પરિશિષ્ટઃ ગ)**

28. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં પ્રુફ રીડર તરીકે ફરજ બજાવતા શ્રી એ.ટી. કાયસ્થને ફરજ મોકૂફી હેઠળ મુકવામાં આવેલ હોય બી.સી.એસ.આર. મુજબ ફરજ મોકૂફીની મુદત દરમ્યાન "કોઈ પણ ખાનગી નોકરી કે ધંધો સ્વીકારેલ નથી કે તેઓ વ્યાપારમાં રોકાયેલા નથી તથા તેઓનો નિવાસ હેડ કવાટર્સ ખાતે રાખેલ છે." તે અંગેનું સોગંદનામુ કર્મચારીએ સંસ્થામાં રજૂ કરવાનું હોય છે. જે મુજબ શ્રી એ.ટી. કાયસ્થ પાસે તા.૨૮–૦૭–૨૦૦૪ તેમજ તા. ૬–૮–૨૦૦૫ના પત્રથી ઉપરોક્ત પ્રમાણપત્ર અને સોગંદનામુ કાર્યાલયમાં રજૂ કરવા જણાવવા છતાં તેઓએ તે મુજબનું પ્રમાણપત્ર રજૂ કરી શકયા ન હતા. જે સબબ ભવિષ્યમાં તકરાર કે કોઈ કાનૂની ગૂંચ ઉભી થવા નો અવકાશ ન રહે તે સંદર્ભે શ્રી કાયસ્થને પત્રો દ્વારા જાણ કરતાં તેઓએ તેમના તા. ૪–૧૦–૨૦૦૫ના પત્રથી પ્રમાણપત્ર/ સોગંદનામુ કાર્યાલયને મોકલેલ છે. જે હકીકત સંદર્ભમાં શ્રી કાયસ્થે તેમના ઉકત પત્રથી ઉપસ્થિત કરેલ મુદ્દા તથા તે સામે કાર્યાલય તરફથી કરવામાં આવેલ સ્પષ્ટતા અવલોકનમાં લઈ શ્રી કાયસ્થને નિર્વાહ ભથ્થુ જયારથી બાકી છે. ત્યારથી કે તેમણે તા. ૪–૧૦–૨૦૦૫થી રજૂ કરેલ સોગંદનામુ એટલે કે ઓકટોબર–૨૦૦૫થી ચૂકવવા અંગે નીતિવિષ્યક નિર્ણય લેવા અંગે વિચારણા કરવા બાબત.

| | |
|---|---|
| ઓગસ્ટ ૨૦૦૪ના વર્ષમાં નિર્ધારિત પ્રમાણપત્ર આપને મોકલી આપ્યું હતું. આમ છતાં અગમ્ય કારણોસર આપના દ્વારા મારા ફરજ મોકૂફીના કેસમાં નિર્વાહ ભથ્થુ આજ દિન સુધી ચૂકવવામાં આવ્યું નથી. | હકીકતમાં સરકારશ્રીના ઠરાવ ક્રમાંકઃ સી.ડી.આર./ ૧૦૯૬/ ૪૪ તપાસ એકમ તા. ૧૪/૧૨/૯૬ના ઠરાવમાં કરેલ જોગવાઈ અંતર્ગતનો અન્ય ફરજ મૌકુફી પરના કર્મચારી ઓ સહીત યુનિવર્સિટી તરફથી તા.૨૮–૭–૦૪ના પત્રથી **UPC** ટપાલ દ્વારા મંગાવેલ સોંગદનામુ આવેલ છે. જે કાર્યાલયને મળેલ છે. જયારે તેઓના દ્વારા મોકલવામાં આવેલ સોગદનામું કાર્યાલયને ન મળવાનું કોઈ કારણ રહેતું નથી. |
| ભૂતકાળમાં પણ વારંવાર નિર્વાહ ભથ્થુ ચૂકવવામાં પાંચ – છ મહિનાનો વિલંબ આપના કાર્યાલય દ્વારા થયો છે. | ઉપરાંત તેઓ દ્વારા દર માસે નિર્વાહ ભથ્થાની ચૂકવણી થાય તે પહેલા તે કર્મચારી સસ્પેન્શનની મુદત દરમ્યાન કોઈ પણ ખાનગી નોકરી સ્વીકારી નહી અને દ્રિવ્યાપાદ ધંધામાં રોકાયા નથી. તે અંગેના પ્રમાણપત્ર મોકલવાની દરકાર કરેલ નથી. |
| મારી જાણ અને માહિતી મુજબ મારા કેસમાં કાયદેસર રીતે તમારી માંગણી મુજબ સોગંદનામું કરવાનું હોતું નથી. છતાં આપનો આગ્રહ હોય વાંધા સહિત સોગંદનામુ પાઠવી રહયો છું. એમ જણાવેલ છે. | રૂલ્સ ૩૫.૧ની **BCSR** કરવામાં આવેલ જોગવાઈ મુજબ દર માસે નિર્વાહ ભથ્થાની ચૂકવણી થાય તે પહેલા ફરજ મૌકૂફ કર્મચારીએ પ્રમાણપત્ર તથા સોગંદનામુ રજૂ કરવાનું છે અને જો તે આપવામાં આવે નહિ તો કોઈ પણ ચૂકવણી નહિ કરવા જણાવેલ છે. પાછળથી આવા પ્રમાણપત્ર / સોગંદનામુ રજૂ કરી નિર્વાહ ભથ્થાની માંગણી અંગે કોઈ જોગવાઈ નથી. તેમજ સરકારી ઠરાવમાં કોઈ જોગવાઈ જણાઈ આવતી નથી. |
| જુલાઈ ૨૦૦૪ થી આજ દિન સુધીના નિર્વાહ ભથ્થાની રકમનો ચેક યુનિયન બેંકમાં તેમના પોતાના એકાઉન્ટ નં. ૧૦૯૦માં જમા કરી તેની વેળાસર જાણ કરવા વિનંતી કરેલ છે. | ઉપર જોગવાઈ અંતર્ગત માંગણી ન આવેલ કે સોગંદનામુ રજૂ ન કરી શકેલ સભ્ય માટે નિર્વાહ ભથ્થુ ચૂકવવા અંગે કોઈ નિયમોમાં કોઈ જોગવાઈ ન હોય–જે અંગે વિચારવાનું થાય છે. |

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, આ બાબતનો વધુ અભ્યાસ કરી ઓફિસ નોંધ તૈયાર કરી, બાબતને સિન્ડિકેટ સમક્ષ ફરી રજુ કરવી તથા હાલ પૂરતી મુલતવી રાખવી.

29. યુનિવર્સિટીના રજીસ્ટ્રાર અને કન્ટ્રોલર ઓફ એકઝામિનેશન્સની જગાઓ માટે ઘડવામાં આવેલ સ્ટેટ્યુટ ૨૧૧ થી ૨૨૨ સેનેટની તારીખ ૩૦–૦૩–૨૦૦૩ની સભામાં રજૂ કરતાં પ્રસ્તુત બાબત રીફર બેક કરવામાં આવી હતી, આ બાબત અંગે પુનઃ વિચારણા કરવા સિન્ડિકેટની તા. ૨૨–૦૫–૨૦૦૩ના ઠરાવ ક્રમાંકઃ ૨૪ હેઠળ (૧) શ્રી હેમંતભાઈ ટોપીવાલા (૨) ડો. વિક્રમભાઈ દેસાઈ (૩) પ્રા. જાગૃતિબેન પટેલની રચવામાં આવેલ સમિતિ તા. ૨૫– ૦૨–૨૦૦૫ના રોજ મળી હતી, જે દ્વારા સિન્ડિકેટને ઉપરોકત સ્ટેટ્યુટ અંગે કરેલ ભલામણ જે આ સાથે સામેલ છે, તથા તે સાથે તે સમયના કન્ટ્રોલર ઓફ અકેઝામિનેશન્શના તા. ૨૫–૦૭–૨૦૦૩ના પત્ર પર વિચારણા કરવા તથા (૨) તે કોના દ્વારા સેનેટ માં રજૂ (**MOVE**) કરવું તે અંગે વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતની વિચારણા મુલતવી રાખવી.

30. સાયન્સ ફેકલ્ટીનાં રસાયણશાસ્ત્ર (કેમેસ્ટ્રી) વિષયમાં પીએચ.ડી.નાં માર્ગદર્શક શિક્ષક (સુપરવાઈઝીંગ ટીચર ફોર પીએચ.ડી. ડીગ્રી) તરીકેની માન્યતા આપવા અંગેની નવયુગ સાયન્સ કોલેજ, સુરતનાં લેકચરર ડો. જી.જી. મલેકની અરજીની વિચારણાના સંદર્ભમાં બી.યુ.ટી.ના ઠરાવ (નં.: ૩૧/ તા. ૩૦–૯–૨૦૦૨) અન્વયે અરજી પરત્વે નિયમાનુસાર આગળ ઘટતાં પગલાં લેવાની કુલપતિશ્રીને આપેલ સત્તાનુસાર ડો. મલેકનાં સંશોધન પેપર્સનો અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ બે નિર્ણાયકો (ડો. વાય.કે. અગ્રવાલ – અમદાવાદ અને ડો. પી.બી. ત્રિવેદી– ભાવનગર)ના અહેવાલ/ રિપોર્ટ પૈકી ડો. પી.બી. ત્રિવેદી, ભાવનગરનો અહેવાલ નકારાત્મક હોઈ સદર અરજી પરત્વે નવાં નિમાયેલ ત્રીજા નિર્ણાયક (પ્રો. ડી. કિશોર – રાજસ્થાન)નો અહેવાલ/ રિપોર્ટ હકારાત્મક હોઈ સદરૂ અરજી પરત્વે પ્રસ્તુત ત્રણ રિપોર્ટ (એક નકારાત્મક અને બે હકારાત્મક) પરત્વે બી.યુ.ટી.ની તા. ૨૯–૬–૨૦૦૫ની નીચેની ભલામણ ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૧–૦૯–૨૦૦૫ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૪૭ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**બી.યુ.ટી.ની તા. ૨૯–૬–૨૦૦૫ની ભલામણ (ઠરાવ નં.: ૭)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, રસાયણશાસ્ત્ર (કેમેસ્ટ્રી) વિષયમાં પીએચ.ડી.નાં માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા અંગેની ડો. જી.જી. મલેકની અરજી ગ્રાહ્ય રાખવી અને તે પરત્વે કુલપતિશ્રી દ્વારા નિમાયેલા બે એક્ષ્પર્ટનો અહેવાલ/ રિપોર્ટ હકારાત્મક હોઈ તે સ્વીકારી ડો. જી.જી. મલેકને રસાયણશાસ્ત્ર (કેમેસ્ટ્રી) વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકે જૂન–૨૦૦૫થી માન્યતા આપવા એકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટને ભલામણ કરવી.

**એકેડેમિક કાઉન્સિલની તા. ૨૧–૦૯–૨૦૦૫ની સભાની ભલામણ ક્રમાંકઃ ૪૭**

:: આથી ઠરાવવામાં આવે છે કે, અનુસ્નાતક શિક્ષણ મંડળ (બી.યુ.ટી.)ની તા. ૨૯–૬–૨૦૦૫ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૭ અન્વયે કરેલી ઉપરોકત ભલામણ સ્વીકારવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા. ૨૧–૯–૨૦૦૫ના રોજ મળેલ સભાની ઉપરોકત ભલામણનો સ્વીકાર કરવો.

31. એસ.આર. લુથરા ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટમાં એમ.બી.એ. ભાગ–૨ ત્રીજા સેમેસ્ટરના નીચેના વિદ્યાર્થીઓની ખૂટતી હાજરી કોન્ડોન કરવાની સત્તા ઓ. **61 - C** મુજબ સિન્ડિકેટને હોય તો તે વિદ્યાર્થીઓની ખૂટતી હાજરી કોન્ડોન કરવી કે કેમ તે પર વિચારણા કરવા બાબત.

| ક્રમ | નામ | કુલ લેકચર | મિનિમમ લેકચર રિકવાયર્ડ | વિદ્યાર્થીની હાજરી અને ટકા | | ખૂટતી હાજરી ટકા |
|---|---|---|---|---|---|---|
| ૧. | પટેલ હિમાંશુ એન. | ૪૪૦ | ૩૩૦ | ૧૮૨ | ૪૧.૩૬% | ૩૩.૬૪% |
| ૨. | પટેલ પાયલ એચ. | ૪૨૭<br>૧૦૦% | ૩૧૭<br>૭૫% | ૧૭૪ | ૪૦.૭૫% | ૩૪.૨૫% |

(c) **Deficiencies above 25% but not exceeding 40% (i.e. where attendance is between 50% and 35%) by the Syndicate.**

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, એસ.આર. લુથરા ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટમાં એમ.બી.એ. ભાગ–૨ ત્રીજા સેમેસ્ટરના ઉપરોકત વિદ્યાર્થીઓની ખૂટતી હાજરી કોન્ડોન કરવી નહીં.

32. પ્રો. એ. એસ. ચારણ ફેલીસીટેશન ફંડ કમીટી, અર્થશાસ્ત્ર વિભાગ, વીર નર્મદ દ.ગુ.યુ ની સૂરત તરફથી –

(૧) ટી.વાય. બી.એ. પરીક્ષામાં અર્થશાસ્ત્ર (Economics) વિષયમાં પ્રથમ પ્રયત્ને સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીને "પ્રો. એ. એસ. ચારણ ચંદ્રક" એનાયત કરવા અંગે રૂા. ૭૫૦૦૦/– નું મળેલ દાન રસીદ નં– ૨૩૦ તા. ૩૦–૧૧–૦૫ થી કાર્યાલયમાં જમા કરાવેલ છે. જેનો સાભાર સ્વીકાર કરી ચંદ્રક એનાયત કરવા અંગે વિચારણા કરવા બાબત.

(૨) એમ.એ. પાર્ટ–૨ પરીક્ષાના અર્થશાસ્ત્ર (Economics) વિષયના ઈકોનોમીકસ ઓફ હયુમન રીસોર્સીસ પેપર ૧૦ અને ૧૧ (ઓપ્શનલ ગ્રુપ) લઈ પ્રથમ પ્રયત્ને સૌથી વધુ ગુણ મેળવી પ્રથમ આવનાર વિદ્યાર્થીને "પ્રો. એ.એસ. ચારણ ચંદ્રક" એનાયત કરવા અંગે રૂા. ૭૫૦૦૦/–નું મળેલ દાન રસીદ નં– ૨૩૦ તા. ૩૦–૧૧–૦૫ થી કાર્યાલયમાં જમા કરાવેલ છે. જેનો સાભાર સ્વીકાર કરી ચંદ્રક એનાયત કરવા અંગે વિચારણા કરવા બાબત.

(૩) એમ. એ. પાર્ટ–૨ પરીક્ષાના અર્થશાસ્ત્ર (Economics) વિષયના ઈકોનોમેટ્રીકસ પેપર ૧૦ અને ૧૧ (ઓપશનલ ગ્રુપ) લઈ પ્રથમ પ્રયત્ને સૌથી વધુ ગુણ મેળવી પ્રથમ આવનારવિદ્યાર્થીને "પ્રો. એ.એસ. ચારણ પારિતોષિક" એનાયત કરવા અંગે રૂા. ૫૦૦૦૦/– નું દાન રસીદ નં. ૨૩૦ તા.૩૦–૧૧–૦૫ થી કાર્યાલયમાં જમા કરાવેલ છે. જેનો સાભાર સ્વીકાર કરી પારિતોષિક એનાયત કરવા અંગે વિચારણા કરવા બાબત.

(૪) આ સાથે ડો.બી.વી. આચાર્ય, વડાશ્રી ડિપા. ઓફ ઈકોનોમીકસનો તા.૨૮/૧૨/૦૫નો પત્ર નં. ૫૭૦૮ સામેલ છે.ને અવલોકનમાં લઈ પત્રમાં તેમણે કરેલ વિનંતી મુજબ આગામી પદવીદાન સમારંભમાં સદર ચંદ્રકો અને પારિતોષિક એનાયત કરવા કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

(હિસાબી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, તેઓની દરખાસ્ત સ્વીકારી નિયમોનુસાર કાર્યવાહી કરવી.

33. નવસારીની બી.પી. બારીયા સાયન્સ ઈન્સ્ટિટયૂટમાં ફિઝીકલ એજયુકેશનના લેકચરર તરીકે ૨૮ વર્ષથી ફરજ બજાવતા શ્રી ટંડેલ નરસિંહભાઈ પ્રેમાભાઈને અનુસ્નાતક શિક્ષક **(P.G. Teacher in Physical Education)** તરીકે માન્યતા **(Recognition)** આપવાની અરજી પરત્વે બી.યુ.ટી.ની તા. ૨૯–૬–૨૦૦૫ની નીચેની ભલામણ ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૧–૯–૨૦૦૫ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૪૮ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**બી.યુ.ટી.ની તા. ૨૯–૬–૨૦૦૫ની ભલામણ (ઠરાવ નં.: ૧૦)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, એજયુકેશન ફેકલ્ટી હેઠળના ફિઝીકલ એજયુકેશન વિષયમાં પી.જી. ટીચર (અનુસ્નાતક શિક્ષક) તરીકેની માન્યતા આપવા અંગેની શ્રી ટંડેલ નરસિંહભાઈ પ્રેમાભાઈની અરજી ગ્રાહ્ય રાખી તેમને જૂન–૨૦૦૫થી ફિઝીકલ એજયુકેશન વિષયમાં પી.જી. ટીચર તરીકેની માન્યતા આપવા એકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટને ભલામણ કરવી.

**એકેડેમિક કાઉન્સિલની તા. ૨૧–૦૯–૨૦૦૫ની સભાની ભલામણ ક્રમાંકઃ ૪૮**

:: આથી ઠરાવવામાં આવે છે કે, અનુસ્નાતક શિક્ષણ મંડળ (બી.યુ.ટી.)ની તા. ૨૯–૬–૨૦૦૫ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૧૦ અન્વયે કરેલી ઉપરોકત ભલામણ સ્વીકારવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા. ૨૧–૯–૨૦૦૫ના રોજ મળેલ સભાની ભલામણ ક્રમાંકઃ ૪૮ સ્વીકારી, શ્રી ટંડેલ નરસિંહભાઈ પ્રેમાભાઈને જૂન–૨૦૦૫થી ફિઝીકલ એજયુકેશન વિષયમાં પી.જી. ટીચર તરીકેની માન્યતા આપવી.

34. પ્રિ. ડો. શ્રીમતિ કુસુમબેન સી. દેસાઈ એજયુકેશન ટ્રસ્ટ, સુરત તરફથી **B.SC.** ડીગ્રી પરીક્ષામાં રસાયણશાસ્ત્ર **(Chemistry)** વિષયમાં પ્રથમ પ્રયત્ને સૌથી વધુ ગુણ મેળવી પ્રથમ આવનાર વિદ્યાર્થીને **"પ્રિ.ડો. કુસુમબેન રામકૃષ્ણ દેસાઈ સુવર્ણચંદ્રક"** એનાયત કરવા અંગે રૂા. ૭૫,૦૦૦/–નું દાન રસીદ નં. ૨૨૯ તા. ૨૮–૧૦–૦૫ થી સૂરત પીપલ્સ કો.ઓ. બેંકનુ સુરતના ચેકથી જમા કરાવેલ છે. દાન એનાયત કરવા અંગેની સામાન્ય શરતોનો ખરડો આ સાથે સામેલ છે. દાતાએ આપેલ દાનનો સાભાર સ્વીકાર કરી સને ૨૦૦૬–એપ્રિલ/મે ની પરીક્ષામાં વધુ ગુણ મેળવી પ્રથમ આવનાર વિદ્યાર્થીને સદર ચંદ્રક એનાયત કરવા અંગે વિચારણા કરવા બાબત.

(હિસાબી )

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રિ. ડો. શ્રીમતી કુસુમબેન સી. દેસાઈ એજયુકેશન ટ્રસ્ટ, સુરત તરફથી **B.SC.** ડીગ્રી પરીક્ષામાં રસાયણશાસ્ત્ર **(Chemistry)** વિષયમાં પ્રથમ પ્રયત્ને સૌથી વધુ ગુણ મેળવી પ્રથમ આવનાર વિદ્યાર્થીને **"પ્રિ.ડો. કુસુમબેન રામકૃષ્ણ દેસાઈ સુવર્ણચંદ્રક"** એનાયત કરવા અંગે રૂા. ૭૫,૦૦૦/–ના દાનનો સાભાર સ્વીકાર કરવો અને દાનની શરતોનો ખરડો પરિશિષ્ટમાં બતાવ્યા મુજબ વંચાય તે રીતે મંજૂર કરવામાં આવે છે.

વધુમાં, એપ્રિલ/ મે– ૨૦૦૬ની પરીક્ષામાં વધુ ગુણ મેળવી પ્રથમ આવનાર વિદ્યાર્થીને સદર ચંદ્રક એનાયત કરવાની આગળની કાર્યવાહી હાથ ધરવી.

**(પરિશિષ્ટઃ ઘ)**

35. યુનિવર્સિટી કાર્યાલયમાં **Dean; College Development Council (C.D.C)**ની **(Three Years' Tenure Post)**ની જગા પર જીવવિજ્ઞાનના અનુસ્નાતક વિભાગના પ્રોફેસર અને હેડ, ડો. પી.કે. હિરાધરની પસંદગી થતાં તે વિભાગની હેડીની ખાલી પડનાર જગા પર સ્ટેટયુટ–૨૯૩ અંતર્ગત કરવામાં આવેલ જોગવાઈ સંદર્ભમાં તે વિભાગના સૌથી શ્રેયાન કર્મચારી ડો. મીનુ પરબીયા, પ્રોફેસરને તે વિભાગના હેડ તરીકે નિમણૂંક આપવા અંગે વિચારણા કરવા બાબત.

પ્રવર્તમાન સ્ટેટયુટ–૨૯૩માં નીચે મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે.

**Statute 293:**

Three shall be a Head of the Department for each Department to be appointed by the Syndicate. The Syndicate shall appoint the senior most full lime teacher not below the rank of a Reader from amongst the staff of the Department to work as the Head of the Department. The whole time University Teacher appointed to act temporarily as the Head of University Department in the place of the permanent incumbent on leave shall not be considered to occupy the office under the designation of the Head of a University Department for the purpose of Section 16 (1) Class (C) (i) and Section 19 (1) (Vi).

Notwithstanding anything contained above the Senior most whole time University Teacher not below the rank of a Reader in the Department appointed as officiating Head of the Department in a permanent vacancy caused by the death, retirement, resignation or termination of services or such other reason shall be deemend to hold office for the purposes mentioned above.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલયમાં **Dean; College Development Council (C.D.C)**ની **(Three Years' Tenure Post)** ની જગા પર જીવવિજ્ઞાનના અનુસ્નાતક વિભાગના પ્રોફેસર અને હેડ, ડો. પી.કે. હિરાધરની પસંદગી થતાં તે વિભાગની હેડીની ખાલી પડનાર જગા પર સ્ટેટયુટ–૨૯૩ અંતર્ગત કરવામાં આવેલ જોગવાઈ સંદર્ભમાં તે વિભાગના સૌથી શ્રેયાન શિક્ષક ડો. મીનુ એચ. પરબીયા, પ્રોફેસરને તે વિભાગના હેડ તરીકે નિમણૂંક આપવી.

36. યુનિવર્સિટીના નીચે જણાવેલ અનુસ્નાતક વિભાગમાં આગામી તા. ૧૪–૬–૨૦૦૬ના રોજ વય મર્યાદાના કારણે નિવૃત્ત થનાર છે. જે તે વિભાગના પ્રોફેસર એન્ડ હેડ તેઓના નામની સામે દર્શાવેલ તારીખે ૬૨ વર્ષ પૂરા કરે છે. (શૈક્ષણિક સત્રને અંતે નિવૃત્ત કરવાની જોગવાઈ મુજબ તેઓ તા. ૧૪–૬–૦૬ના રોજ યુનિવર્સિટીની સેવામાંથી નિવૃત્ત થશે.) જેથી નીચે દર્શાવેલ માહીતી મુજબની તારીખથી જે તે વિભાગમાં કાયમી ધોરણે હેડની જગા ખાલી પડે છે. તે જગા પર હેડની નિમણૂંક કરવાની થાય છે. અનુસ્નાતક વિભાગોમાં અધ્યક્ષ તરીકેની તમામ ફરજો સોંપવા અંગે પ્રવર્તમાન સ્ટેચ્યુટ – ૨૯૩માં નીચે મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે.

**Statute 293:**

There shall be a Head of the Department for each Department to be appointed by the Syndicate. The Syndicate shall appoint the senior most full lime teacher not below the rank of a Reader from amongst the Staff to the Department to work as the Head of the Department. The whole time University Teacher appointed to act temporarily as the Head of University Department in the place of the permanent incumbent on leave shall not be considered to occupy the office under the designation of the Head of a University Department for the purpose of Section 16 (I) Class I (C) (i) and Section 19 (1) (vi).

Notwithstanding anything contained above the Senior most whole time University Teacher not below the rank of a Reader in the Department appointed as officiating Head of the Department in a permanent vacancy caused by the death, retirement, resignation or termination of services or such other reason shall be deemed to hold office for the purposes mentioned above.

| ક્રમ | કર્મચારીનું નામ | વિભાગનું નામ | ૬૨ વર્ષ પૂરા થવાની તારીખ | તે વિભાગના શ્રેયાન કર્મચારીનું નામ અને હોદ્દો | હેડ તરીકે નિમણૂંક આપવાની થતી તા. |
|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
| ૧. | ડો. પી.સી. ગુપ્તા | આંકડાશાસ્ત્ર | ૧૫–૦૨–૦૬ | – | – |
| ૨. | ડો. વી.એ. મંગોલી | ભૌતિકશાસ્ત્ર | ૨૮–૦૨–૦૬ | ડો. કે.સી.પોરીયા, પ્રોફેસર | ૦૧–૩–૦૬ |
| ૩. | ડો. જી. રઘોથામન | એકવે. બાયોલોજી | ૧૦–૦૩–૦૬ | ડો. મોહિની ગઢિયા, રીડર | ૧૧–૩–૦૬ |
| ૪. | ડો. એ.કે. દેસાઈ | તુલનાત્મક સાહિત્ય | ૩૦–૦૧–૦૬ | ડો. સવિતા ગૌર, રીડર | ૦૧–૨–૦૬ |
| ૫. | ડો. જગનાથ પાથી | સમાજશાસ્ત્ર | ૧૮–૦૨–૦૬થી સ્વૈચ્છિક નિવૃત્તિ | ડો. સગુના પાથી, પ્રોફેસર | ૧૯–૨–૦૬ |

(૧) ઉપરોક્ત જોગવાઈના આધારે તથા ઉપરોક્ત દર્શાવેલ જે તે વિભાગમાં પ્રોફેસર/ રીડર તરીકે ફરજ બજાવી રહેલ સૌથી શ્રેયાંન કર્મચારીઓને તે વિભાગના વડા તરીકે નિમણૂંક આપવા અંગે.

(૨) તેમજ આંકડાશાસ્ત્ર વિભાગમાં ડો. રમણભાઈ ડી. પટેલની ગુજરાત યુનિવર્સિટી ખાતે પ્રોફેસરની જગા પર નિમણૂંક થવાથી રાજીનામુ આપેલ હોય કોઈ શૈક્ષણિક કર્મચારી રહેતા નથી, તે વિભાગના વડા અંગે.

(૩) અને સમાજ શાસ્ત્ર વિભાગના વડા ડો. જગનાથ પાથીએ તા. ૧૮–૨–૨૦૦૬થી આપેલ સ્વૈચ્છિક નિવૃત્તિ અંતર્ગત તે વિભાગમાં કાયમી વડાની નિમણૂંક અંગે પણ વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, .....

